# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

મુખ્ય ઈજનેરશ્રીની કચેરી, ઝોન-૧, "જલસેવા ભવન", ત્રીજો માળ, ગેરી કેમ્પસ, રેસકોર્સ, વડોદરા-૦૭

ફોનઃ ૯૯૭૮૪૪૧૧૦૭/૦૮ ફેકસ નં.૦૨૬૫-૨૩૩૩૦૯૧ Email : cezone1@gmail.com


જાવક નંબર ઈસી-૧/ઝોન-૧/ ૪૧૧-૬ /૨૦૨૧ તા.૨૨/૧૨/૨૦૨૧


Inward No.
Registry Branch
G. W. S. S. BOARD
CAO
2059
31 DEC 2021


પ્રતિ,
અધિક્ષક ઇજનેરશ્રી,
જા.આ.વર્તુળ/યાંત્રિક વર્તુળ,
વડોદરા/ગોધરા

વિષયઃ- માન. મુખ્ય મંત્રીશ્રી એપ્રેન્ટીશશીપ યોજના હેઠળ ઉમેદવારોની પસંદગી કરવા બાબત. (વર્ષ ૨૦૨૧-૨૦૨૨)

સંદર્ભઃ- સીનીયર મેનેજર(પી એન્ડ એ), મહેકમ શાખા-૧, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગરના તા.૩૦/૧૦/૨૦૨૧ ના પત્ર ક્રમાંક મહેકમ શાખા-૧/ઈસી-૧/૨૦૨૧/૧૦૩૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીની માન. મુખ્ય મંત્રીશ્રી "એપ્રેન્ટીશશીપ યોજના" હેઠળ બોર્ડ કચેરી, ગાંધીનગરના સંદર્ભ હેઠળના પત્રની વિગતે ગુજરાત પાણી પુરવઠા બોર્ડની ભરાયેલ જગ્યાઓને ધ્યાને લઇ ૫૮૦ એપ્રેન્ટીસ તાલીમાર્થી લેવાનો નિર્ણય કરી આ ઝોન કચેરી તેમજ નિયંત્રણ હેઠળની કચેરીઓ માટે અનુક્રમે (૧) સીવીલ એન્જીનીયર બી.ઇ./ડીપ્લોમા (૨) મીકેનીકલ એન્જીનીયર બી.ઇ./ડીપ્લોમા (૩) ઇલેક્ટ્રીકલ એન્જીનીયર બી.ઇ./ડીપ્લોમા અને (૪) આઇ.ટી.આઇ. બે વર્ષના ટ્રેડના કુલ-૯૫ એપ્રેન્ટીસ તાલીમાર્થી ઉમેદવારોના સંદર્ભ હેઠળના પત્રથી આપેલ સૂચના/માર્ગદર્શન મુજબ ઇન્ટરવ્યુ લઇ પસંદગી કરી નિમણૂંક આપવા જણાવેલ છે જે ધ્યાને લઇ આ સાથે સામેલ પત્રકની વિગતે નીચે જણાવેલ સૂચનાઓ ધ્યાને લઇ કાર્યવાહી પૂર્ણ કરવા સબંધિત વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૧) સદર કાર્યવાહી અર્થે પ્રથમ આ સાથે સામેલ આદેશના મુસદ્દા મુજબ સબંધિત વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેરશ્રીના અધ્યક્ષપણા હેઠળની કમીટીની રચના કરવાના આદેશ સબંધિત વિભાગીય કચેરીએથી કરવાના રહેશે જેમાં અનુક્રમે સ્થાનિક ના.કા.ઇ./વિભાગીય કચેરીના મદદનીશ અધિક્ષક અને વિભાગીય હિસાબનીશ એમ ત્રણ સભ્યોની કમીટીની રચના કરવાની રહેશે.

(૨) બોર્ડ કચેરીના સંદર્ભ હેઠળના પત્રથી આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૩) આ સાથે સામેલ ફાળવણી પત્રકની વિગત મુજબ જ સબંધિત કચેરીમાં જે તે વર્ગ અને સંવર્ગના ઉમેદવારની એપ્રેન્ટીસ અધિનિયમની જોગવાઇઓ ધ્યાને લઇ પસંદગી કરી નિમણૂંક આપવાની રહેશે અને કરવામાં આવેલ કાર્યવાહી અંગે સબંધિત વર્તુળ કચેરી તેમજ ઝોન કચેરીને વિગતવાર માહિતી આપવાની રહેશે.

(૪) આ સાથે સામેલ ફાળવણી પત્રકમાં વર્તુળ/પ્રિવેન્ટીવ વીજીલન્સ સેલને જો જગ્યા ફાળવી આપવામાં આવેલ હોય તે જગ્યા માટે સ્થાનિક કાર્યપાલક ઇજનેરશ્રીએ ઉમેદવારની પસંદગી કરી નિમણૂંક આપવાની રહેશે.

(૫) ફાળવણી કરેલ પત્રકમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયરની કુલ-૧૦ જગ્યાઓની ફાળવણી કરવામાં આવેલ નથી જે અંગે અ.ઇ.શ્રી, જા.આ.યાંત્રિક વર્તુળ, વડોદરાએ જગ્યા ફાળવણીનો નિર્ણય કરી અત્રેની કચેરીને જાણ કરવાસહ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૬) આઈ.ટી.આઈ. બે વર્ષના ટ્રેડ વાળા એપ્રેન્ટીસ ઉમેદવારના સંવર્ગ બાબતે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

(૭) માન. મુખ્ય મંત્રીશ્રી "એપ્રેન્ટીશશીપ યોજના" હેઠળ હાલમાં ફરજ બજાવતા એપ્રેન્ટીસ તાલીમાર્થીઓના કરાર પુર્ણ થયા પહેલા સદરહું કાર્યવાહી સમયમર્યાદામાં કરવાની રહેશે.

બિડાણ- સંદર્ભ હેઠળનો પત્ર/કમીટી આદેશનો મુસદ્દો/ફાળવણી પત્રક

(એલ.કે.કોટા)
મુખ્ય ઈજનેર

//પાછળ//


Computer Cell
Inward No.: 027
Date 31/12/21
Mark to: